**દિ.પ.અ.નં. ૧/૨૦૧૯**

**<u>હિન્દુ મેરેજ એકટની કલમ ૧૪ મુજબની અરજી તળે હુકમ</u>**

૧. સાંભળ્યા, અરજી વંચાણે લીધી, રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદારો તરફે રજુ થયેલ ચુકાદાઓ માનપુર્વક વંચાણે લીધા.

૨. આ કામે અરજદારોએ હિન્દુ લગ્ન ધારાની કલમ ૧૪ મુજબ લગ્ન બાદ એક વર્ષનો ગાળો / સ્ટેચ્યુટરી પીરીયડ માફ કરવા અરજી કરેલ છે અને જણાવેલ છે કે, અરજદારોના હિન્દુ શાસ્ત્રોકત વિધીથી તા. ૧ ૪/૦૭/૨૦૧૮ ના રોજ ઉંઝા મુકામે લગ્ન થયેલ છે અને અરજદારોનુ લગ્ન જીવન માત્ર બે દિવસનુ હતુ અને તે દરમ્યાન અરજદારોએ લગ્ન હકકો ભોગવેલ ન હતા. લગ્નના ત્રીજા દિવસે અરજદાર નં. ૧ તા. ૧ ૬/૦૭/૨૦૧૮ ના રોજ કેનેડા નોકરી પર જતા રહેલા આ રીતે અરજદારો છેલ્લા છ માસથી અલગ રહે છે અને એક બીજા સાથે પતિ પત્ની તરીકેનો વ્યવહાર થયેલ નથી.

૨.૧ અરજદાર નં. ૧ ના માતા – પિતા હાલ યુ.એસ.એ. માં રહે છે અને અરજદાર તા. ૨૭/૦૧/૨૦૧૯ ના રોજ પરત કેનેડાથી ભારત આવેલ છીએ અને અમો અમારા મોટા બાપાને ત્યાં રહીએ છીએ. અરજદારો વચ્ચે તા. ૧૪/૦૭/૧૮ ના રોજ લગ્ન થયા બાદ તે જ દિવસે બંન્ને વચ્ચે બોલાચાલી થયેલી અને તે જ દિવસથી બંન્નેના વિચારો ભીન્ન લાગતા અને લગ્ન જીવન સુખમય રીતે પસાર થઈ શકે તેવા સંજોગો જણાઈ આવેલા નહી.

૨.૨ અરજદારોએ એક બીજાને સમજાવવાનો પ્રયત્ન કરેલ પરંતુ બંન્નેના વિચારો ભીન્ન હોવાથી સાથે રહી શકાય તેવુ શકય બને તેમ નથી. અરજદાર નં. ૨ જે.જી. કોલેજ અમદાવાદમાં ફીઝીયોથેરાપીમાં અભ્યાસ કરે છે અને સંપુર્ણ ધ્યાન અભ્યાસમાં રહેલ છે. જો લગ્નજીવન સુખમય રીતે છુટુ થાય તો તેઓ અભ્યાસમાં સંપુર્ણ ધ્યાન આપી શકીએ તથા માનશીક રીતે લગ્ન વિચ્છેદ મેળવીને હાડમારીથી તથા મુશ્કેલીઓથી પર ભવિષ્ય બનાવી શકીએ અને અરજદાર નં. ૧ સાથે કોઈપણ સંજોગોમાં કેનેડા પત્ની તરીકે જવાની સ્પષ્ટ ના પાડેલ છે અને અરજદાર નં. ૧ કેનેડામાં નોકરી કરતા હોવાથી ભારતમાં રહેવાનુ ન હોય લગ્ન જીવન ટકી શકે તેમ નથી.

૨.૩ અરજદાર નં. ૧ કેનેડા કામયી રહેવાનુ હોવાથી અને પરત આવી શકાય તેમ ન હોવાથી તથા અરજદાર નં. ૨ અરજદાર નં. ૧ ને ગમાડતા ન હોય અથવા તો તેણીના માતા–પિતાની જીદના કારણે આવા લગ્ન થયા હોય તે કારણે પણ અરજદાર નં. ૨ સદર લગ્ન નિભાવવા માંગતા ન હોય તેથી પણ હાલનુ લગ્ન જીવન ટકી શકે તેમ ન હોય, બંન્નેની ઉમર લગ્નને પાત્ર હોય બંન્ને પક્ષે પોતપોતાનો નિર્ણય લેવા સક્ષમ હોય ખરૂ ખોટુ સમજાવવાની બંન્ને પક્ષે તથા સચા નિર્ણય લેવાની બંન્ને પક્ષે સંપુર્ણ જવાબદારી હોય

બંન્ને પક્ષોએ પોતાની જીદગી પોતાની રીતે જીવવા સંપુર્ણ સ્વતંત્રતા હોય લગ્ન જીવન સારૂ ચાલવની શકયતા ન હોય લગ્નનો ગાળો એક વર્ષ સુધી જુદા રહેવાનો કોઈપણ સંજોગોમાં શકય ન હોય બંન્નેની જીદગી આ રીતે ખરાબ થતી હોય સદર લગ્નનો ગાળો એક વર્ષ રાહ જોવાથી બંન્નેનુ લગ્ન જીવન ખરાબ થઈ જાય તેમ હોવાથી તથા અરજદાર નં. ૧ એક મહીના પછી કેનેડા જતા રહેવાના હોવાથી એક વર્ષ સુધી જુદા રહેવુ બંન્ને પક્ષ માટે શકય ન હોય, સદરહુ એક વર્ષનો સમયગાળો માફ કરવા અરજ કરેલ છે.

૨. આ કામે પક્ષકારોની હાલની અરજી હિન્દુ મેરેજ એકટની કલમ ૧૪ મુજબની છે. હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩(બી)(૧) મુજબ સંમતીથી છુટાછેડાની અરજી કરતા પહેલા બંન્ને પક્ષકારો એક વર્ષથી અલગ રહેતા હોવા જોઈએ. જયારે સદર કાયદાની કલમ નીચે મુજબની જોગવાઈ કરે છે

***14 No petition for divorce to be presented within one year of marriage***

*(1) Notwithstanding anything contained in this Act, it shall not be competent for any court to entertain any petition for dissolution of a marriage by a decree of divorce, [unless at the date of the presentation of the petition one year has elapsed] since the date of the marriage:*

*Provided* ***that the court may, upon application made to it in accordance with such rules as may be made by the High Court in that behalf, allow a petition to be presented*** *[before one year has elapsed] since the date of the marriage* ***on the ground that the case is one of exceptional hardship to the petitioner or of exceptional depravity on the part of the respondent****, but if it appears to the court at the hearing of the petition that the petitioner obtained leave to present the petition by any misrepresentation or concealment of the nature of the case, the court may, if it pronounces a decree, do so subject to the condition that the decree shall not have effect until after the [expiry of one year] from the date of the marriage or may dismiss the petition without prejudice to any petition which may be brought after the [31] [expiration of the said one year] upon the same or substantially the same facts as those alleged in support of the petition so dismissed.*

સદરહુ જોગવાઈ ધ્યાને લેતા નામ.વડી અદાલત દવારા ઘડવામાં આવેલ નિયમોને અધિન પક્ષકારોને થતી હાડમારી અથવા અસાધારણ નીતીભ્રષ્ટતા ધ્યાને લઈ એક વર્ષનો સમય માફ કરી શકાય છે.

૩. સીવીલ મેન્યુઅલ ના પ્રકરણ ૧૫ માં નામ. વડી અદાલતે કલમ ૨૧ તથા કલમ ૧૪ હેઠળ નિયમો ઘડેલ છે જેના પારા ૨૭૯ ના નિયમ – ૧૦ માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

(૧) લગ્નનો કોઈપણ પક્ષકાર, એવા લગ્નના ત્રણ મહીનાની અંદર છુટાછેડા માટે અરજી રજુ કરવા માંગતો હોય તો તે અથવા તેણી જેમાં છુંટાછેડા માટેની અરજી ફાઈલ કરવાનો ઈરાદો હોય તે કોર્ટને કરેલી એક પક્ષી અરજી અંગે અધિનિયમની કલમ ૧૪ હેઠળ પરવાનગી મેળવવી.

(૨) અરજી સાથે, ફાઈલ કરવાના ઈરાદાવાળી અરજી જોડવી તેના ઉપર નિયમો અનુસાર કાયદા હેઠળ યોગ્ય કોર્ટ ફી જોડવી. અરજીને જેના અંગે રજા માંગી હોય તે પ્રતિવાદીના પક્ષે અરજદારને અસાધારણ મુશ્કેલીની અથવા અસાધારણ નીતીભ્રષ્ટતાની વિગતો જણાવતી અરજદારે કરેલી એફીડેવીટથી સમર્થન કરવુ જોઈશે.

(૩) આવી અરજીમાંનો પુરાવો કોર્ટ અન્યથા આદેશ કરે તે સિવાય, એફીડેવીટ દવારા આપી શકાશે.

(૪) કોર્ટ પરવાનગી આપે ત્યારે અરજી સદરહુ હુકમની તારીખે યોગ્ય રીતે ફાઈલ કરેલ હોવાનુ ગણાશે. સદરહુ હુકમની તારીખના એક અઠવાડીયાની અંદર અરજદારે પરવાનગી માટેની અરજીથી અને તેના ઉપરના કોર્ટના હુકમની અને અરજીમાં પ્રતિવાદીઓ ઉપર બજાવવા માટે છુટાછેડાની અરજીથી પુરતી સંખ્યાની નકલો ફાઈલ કરવી જોઈશે.

૪. પ્રસ્તુત કિસ્સામાં પક્ષકારોના લગ્ન તા. ૧૪/૦૭/૨૦૧૮ ના રોજ થયેલ છે એટલે કે હાલની અરજી દાખલ થયાના છ માસ પહેલા થયેલ છે. અરજદારો તરફે તેમની અરજીની ગ્રાહયતા સંબંધે નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૧૪૩૦૨/૨૦૧૫, તા. ૦૪/૦૯/૨૦૧૫(નામ. ન્યાયમુર્તીશ્રી આર.ડી. કોઠારી સાહેબે) આપેલ હુકમની નકલ રજુ કરેલ છે જેમાં નામ. વડી અદાલતે જુદા જુદા ચુકાદાઓ ટાંકી જણાવેલ છે કે, કલમ–૧૪ અન્વયે અદાલતને સ્ટેચ્યુટરી પીરીયડ માફ કરવાની સત્તા હોવાનુ ઠરાવેલ છે. તેમજ શ્રી અરવિંદકમુાર વિ. નીર્મલા ભારતી ઉર્ફે નેહા (મેટ. એપ્લી. નં. ૫૦/૨૦૧૧, તા. ૦૩/૦૮/૧૧)ના ચુકાદામાં નીચેની અદાલતે સત્તા હોવાનુ ઠરાવેલ છે. આમ, અરજદારોની સદરહુ અરજી અત્રેની કોર્ટને ચલાવવા સત્તા હોવાનુ સ્પષ્ટ થાય છે.

૫. સદરહુ કલમ ૧૪ ઘ્યાને લેતા સદરહુ અરજી મંજુર થવા માટે બે સંજોગો ઘ્યાને લેવા જોઈએ જે પૈકી એક પક્ષકારોને થતી અસામાન્ય હાડમારી તથા પક્ષકારોની અસાધારણ નીતીભ્રષ્ટતા પ્રથમદર્શનીય પુરવાર કરવી જોઈએ. આ કામે અરજદારોએ સંમતીથી છુટાછેડાની અરજી કરેલ છે તેથી પક્ષકારોને અસામાન્ય હાડમારી નો સામાનો કરવો પડે તેમ હોવાની રજુઆત છે.

૬. હાડમારી સંબંધે અરજદારે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનપુર્વક વંચાણે લીધા.

૧. શ્રી તરૂણકુમાર વૈશ વિ. મીનાક્ષી વૈશ (૧૧૯(૨૦૦૫) ડીએલટી ૫૬૭ )

સદરહુ ચુકાદામાં નામ. દીલ્હી હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

*The other relevant considerations which may be considered for granting the*

,

*exemption from passage of one year before filing a petition for divorce by mutual consent are:- a) the maturity and the comprehension of the spouses; (b) absence of coercion/intimidation/undue influence; (c) the duration of the marriage sought to be dissolved; (d) absence of any possibility of reconciliation; (e) lack of frivolity; (f) lack of misrepresentation or concealment (g) the age of the spouses and the deleterious effect of the continuance of a sterile marriage on the prospects of re-marriage of the parties.*

૨. મનીષ સીરોહી વિ. મીનાક્ષી (એઆઈઆર ૨૦૦૭ અલ્હાબાદ ૨૧૧)

સદરહુ ચુકાદમાં ઠરાવેલ છે કે, 5............ *It appears to us that when immediately after marriage no marital relationship developed amongst the mselves and they are voluntarily inclined to withdraw relationship, their life should not be allowed to be deserted. When differences have occurred which cannot be compromised if at this stage they are separated, they can be able to enjoy their happy marital life elsewhere. Continuance of the litigation will cause mental and physical harassment to them unnecessarily when both of them are not inclined to continue with the relationship at all. Both the parties have withdrawn their allegations and counter allegations against each other.*

૭. નામ. વડી અદાલતોએ પ્રસ્થાપીત કરેલ ઉકત ચુકાદાઓ ધ્યાને લેતા હાલના કિસ્સામાં પક્ષકારોને અસામાન્ય હાડમારી થાય તેમ છે કે કેમ? તે નકકી કરવાનુ રહે છે. અરજદારોની અરજી ધ્યાને લેતા તેઓ બંન્ને વચ્ચે લગ્ન જીવન ફકત ત્રણ દિવસનુ છે, અરજદાર નં. ૧ કેનેડા રહેવા માટે જતા રહેવાના હોય, નજીકના ભવિષ્યમાં તેઓ પરત આવી શકે તેમ ન હોય, તેમજ અરજદાર નં. ૨ અભ્યાસ કરતા હોય તેઓ સંપુર્ણ ધ્યાન અભ્યાસ ઉપર આપી શકે અન્યથા હાડમારનો સામાનો કરવો પડે તેમ હોવાનુ અરજીમાં જણાવેલ છે.

૮. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ નામ. દિલ્હી હાઈકોર્ટે તરૂણ વૈશના ચુકાદામાં આપેલ ૭ સિંધ્ધાતોમાં હાલની અરજીનો સમાવેશ થાય છે કે કેમ ? તે જોવાનુ રહે છે. સદરહુ ચુકાદામાં જણાવ્યા મુજબ પક્ષકારોની પરીપકવતા, કોઈ દબાણ, ધમકી કે પ્રલોભનનો અભાવ, લગ્નો સમયગાળો, પક્ષકારો વચ્ચે સમાધાનની શકયતાઓ, સ્વાભાવીકતાનો અભાવ, ગેરનિરૂપણ તથા પક્ષકારોની ઉમર અને પુનઃલગ્નના સંજોગો ધ્યાને લેવાના રહે છે.

૯. પ્રસ્તુત કિસ્સામાં અરજદારો શીક્ષીત છે, મનભેદનુ કારણ અરજદાર નં. ૧ કેનેડા મુકામે કાયમી રહેવાનુ હોવાથી તથા પરત આવી શકાય તેમ ન હોય, અરજદાર નં. ૨ અરજદાર નં. ૧ ને ગમાડતા ન હોય અથવા

તેણીના માતા પિતાની જીદના કારણે આવા લગ્ન થયા હોય તે કારણે પણ લગ્ન નીભાવવા માંગતા ન હોવાનુ જણાવેલ છે. સદરહુ કારણો ઘ્યાને લેતા પક્ષકારો વચ્ચે લગ્નજીવન ફકત ત્રણ દિવસનુ જ રહેલ છે. અરજદાર તરફથી નામ. પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટે મનદીપ કૌર બાજવા વિ. ચેતનજીત સીઘ રંઘાવા (એઆઈઆર ૨૦૧૫ પંજાબ એન્ડ હરીયાણા ૧૬૦) નો ચુકાદો રજુ કરેલ છે જેમાં પણ એક પક્ષકારને કેનેડા મુકામે જવાનુ હોય તથા નજીકના સમયમાં પરત આવી શકે તેમ ન હોય તથા પક્ષકારોની લગ્ન માટેની ઉમર ઘ્યાને લેતા પક્ષકારોને અસામાન્ય હાડમારી થાય તેમ હોવાનુ ઠરાવેલ છે ત્યારે સદરહુ કેસની હકીકતો હાલના કેસને સંપુર્ણ મળતી આવે છે.

૧૦. આમ, નામ. પંજાબ હાઈકોર્ટે ઠરાવેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા આ કામે પક્ષકારોને અસહય હાડમારીનો સામનો કરવો પડે તેમ હોવાનુ તથા પક્ષકારો વચ્ચે સમાધાન થાય તેવા કોઈ સંજોગો જણાઈ આવતા ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ :: —**

૧. અરજદારોની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. હિન્દુ લગ્ન ધારાની કલમ ૧૪ મુજબ લગ્ન બાદ એક વર્ષનો જુદો રહેવાનો સમય આથી માફ કરવામાં આવે છે.

૩. અરજદારોની હિન્દુ લગ્ન ધારાની કલમ ૧૩(બી) અન્વયેની અરજી રજીસ્ટરે લેવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૮માહે ફેબ્રુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૨/૨૦૧૯
ઉંઝા.

હિરેન જે. ઠાકર
CODE NO. GJ 00940
પ્રીન્સી. સીની. સીવીલ જજ
ઉંઝા